# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૭૬ • તા.૨૩ સપ્ટેમ્બર થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન મહાસમિતિની એક અગત્યની સભા મળી



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જે જ્ઞાન આપે એ ગુરુ

દરેક વ્યક્તિના જીવનમાં ગુરુ મહત્વનો ભાગ ભજવે છે. જન્મ વખતથી અમુક ઉંમર સુધી અભાન-અસમજણ અવસ્થા હોય છે. મન-બુધ્ધિનો વિકાસ ન થયું હોય એટલે અન્ય આધારીત આ સમયગાળો હોય છે. દરેક જણના જીવનમાં ત્રણ ગુરુ હોય છે. એક મા, બીજા પિતા અને ત્રીજા શિક્ષણ, વિદ્યા દાન આપી શિક્ષિત કરનાર શિક્ષક. બાળપણ અવસ્થામાં મગજ શક્તિ ખીલે એટલે સમજણની બારી ખૂલતી જાય છે. સમજણ રૂપી સીડી અને સંસ્કારોની શિખામણ દ્વારા ચરિત્રનું ઘડતર ઘડાય છે. માતા અભાન, અજ્ઞાન સ્થિતિથી કુંભાર જેમ ઘાટ ઘડીને માવજતથી માટીના પીંડમાંથી માટીનું પાત્ર સર્જે છે. એમ માતા સંતાનનું ઘડતર કરે છે. પ્રાથમિક સમજ, જ્ઞાન અને સલાહ સૂચન આપી જીવન વ્યવહારની સમજણ પૂરી પાડે છે.

પિતા ડગમગ ચાલતા સંતાનની આંગળી પકડી એને દોડતો કરે છે. વહેવારની કેળવણી તેના આત્મવિશ્વાસ ખિલવણી પિતાને આભારી છે. સૌની સામે ટટ્ટાર ઊભો રહેવાની ચાવી, અડગ અને આત્મવિશ્વાસથી રહેવાનું જ્ઞાન પિતા આપે છે.

વાચા ફૂટતા વાણીનો પ્રવાહ વહે છે. પણ અક્ષરજ્ઞાન, શબ્દ સમજણ, વ્યાકરણના અટપટા નિયમોથી માહિર કરે છે શિક્ષક. આ શિક્ષણ મેળવી ઘડતરનો તબક્કો ૧૫ થી ૨૦ વર્ષ લાંબો હોય છે. ગુરુ અજાણ્યા પાનાથી પણ અવગત કરાવી દિશા સૂચન કરે છે. આ ત્રણ ગુરુ દરેક વ્યક્તિની પાછળ પોતાની શક્તિ સામર્થ્ય વેડફીને એક જડ પથ્થરને મૂર્તિ બનાવે છે.

ત્યાર પછી જીવનમાં સંકટ સમયે યોગ્ય જ્ઞાન સલાહ, શિખામણ આપનારી વ્યક્તિ ગુરુથી કમ નથી હોતી. જીંદગીના દરેક તબક્કે કોઈની કોઈ પાસે કંઈ જ્ઞાન કંઈક સમજણ કે કોઈ સારી વાત ગ્રહણ કરી તેનું અનુકરણને અનુસરણ કરી અનોખી પ્રતિભા તરીકે આપણે ઉભરી શકીએ છીએ. જે સમયે સાચું જ્ઞાન, સમજણ ભર્યું વિચાર મળે તેનો સદ્ઉપયોગ કરવો જોઈએ. સંકટ સમયે સાચો રસ્તો બતાવનાર વ્યક્તિ પછી એ ભલે આપણાથી મોટી હોય કે નાની એ ગુરુ તુલ્ય છે. એ સ્વીકાર કરવામાં હિચકાટ કરવો ન જોઈએ. ક્યારેક નાની ઉંમરના લોકો પણ અમુક વાર એવું કહી દેતા હોય છે જેની કલ્પના મોટા લોકો કે શિક્ષિત લોકો પણ ન કરી હોય. ગુરુનું મહત્વ તો છે પણ ખરું મહત્વ તો ગુરુ એ આપેલા જ્ઞાનનું છે. સત્યભર્યું, સમજણવાળું જ્ઞાન જીવનના અંધકારને હડસેલી દે છે. જે પોતાની જાત ઘસી આપણને ઉજળા કરે એ ગુરુ પદ પામે છે. આપણા માવતર પછી ગુરુ એવા હોય છે જે આપણે ઊંચા સ્થાને રહીએ એવા પ્રયત્નો કરે છે. આપણી પ્રગતિમાં તેઓ પોરસ મેળવે છે.

ગુરુ એ છે જે આપણને જ્ઞાન, સમજણ આપે છે. સત્ય અને પ્રકાશના પંથે દોરે છે. પછી ચાહે એ નાનો હોય મોટો હોય. એનો પદ ગુરુ તરીકેનું છે. ભગવાન દત્તાત્રયએ કેટલાક પ્રાણીઓ સહિત ૨૪ને ગુરુ પદે સ્થાપિત કર્યા હતા. જેમાં પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, અજગર, હોડી, પતંગિયું, માછલી, હરણ, હાથી, મધમાખી, કુમારિકા, સર્પ, બાળક, પિંગલા વેશ્યા, કબૂતર, કરોળિયું, ભમરો, કાગડો અને લોહાર. આ બધામાંથી સારો તત્વ, સારી શિક્ષા બોધ લીધો. ગુરુ વ્યક્તિના જીવન ઘડતરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને એક શિલ્પીની જેમ ધૈર્યથી ટાંકણે, ટાંકણે જડશિલામાંથી શિલ્પ સર્જે છે. ગુ નો અર્થ થાય છે અંધકાર અને રુ નો અર્થ થાય છે પ્રકાશ. જે આપણા જીવનમાં અંધકાર દૂર કરી અજવાસ કરે એ આપણો ગુરુ.

- જય જ્ઞાતિ મૈયા

# જીવનમાં સંબંધની જરૂરિયાત

જિંદગીએ મનુષ્યને મળેલી પ્રભુ તરફથી અમૂલ્ય ભેટ છે. પ્રથમ શ્વાસ સાથે સંબંધીઓ સાથે નાતો બંધાય છે. સમગ્ર જિંદગી અવનવા અવિરત લાગણીના સંબંધો અને યાદોની યાદગાર ક્ષણોથી ભરેલી જીવન પર્યંતની અવિરત મુસાફરી છે. આ સફરને ફીલ કરીને ન જીવીએ તો તેનો આનંદ માણી શકતા નથી. જીવનને સાચા અર્થમાં માણવું એટલે આપણા કમ્ફર્ટ ઝોનની બહાર નીકળીને નવા અનુભવોનો સ્વીકાર કરવો. પછી તે સારા હોય કે નરસા હોય. સારા અનુભવો તેની એક સુખદ ક્ષણો જીવનના આનંદને અગણિત કરે છે. તરબતર કરે છે. તો ખરાબ અનુભવો જીવનમાં કંઈક શીખવાડી જાય છે. બોધપાઠ આપી જાય છે. આ અનુભવોનો બોધપાઠ એ છે કે જીવન એ સતત શીખવાની પ્રક્રિયા છે.

જીવનને ફીલ કરવાનો અર્થ એ નથી કે આપણે આવતા પડકારો અને મુશ્કેલીઓને ટાળીએ. હકીકતમાં જીવનમાં આવતી સમસ્યાઓનો સામનો કરવાથી આપણી અંદર રહેલી છૂપી શક્તિઓ બહાર આવે છે. અંદરનો પોઝિટિવ દ્રષ્ટિકોણ વિકસે છે. જીવનએ સુખ અને દુ:ખ, સફળતા અને નિષ્ફળતા, પ્રગતિ અને પતનનું સમિશ્રણ સંતુલન છે. પરિવારજનો, મિત્ર વર્તુળ સાથે હાસ્ય પ્રેમની ક્ષણો આપણી સપોર્ટ સિસ્ટમને વિકસાવે છે અને આપણી આંતરિક ઊર્જાને ગતિમાન કરે છે. જે જીવનની સફરમાં આનંદ ઉત્સાહ ઉમેરે છે. નાની નાની વાતોમાં આનંદ શોધવો એ જ જીવન જીવવવાની અને માણવાની સાચી રીત છે. આપણીએ દ્રઢ માન્યતા હોવી જોઈએ કે દરેક પળમાં પ્રેમ છે, દરેક ક્ષણમાં ખુશી છે, આનંદ છે. બસ એને જીવી લો તો જિંદગી સરળ છે, સુખમય સફર છે.

ઈશ્વરનું આ સૃષ્ટિનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સર્જન એટલે માનવી. શરૂઆતના તબક્કા દરમ્યાન કોઈપણ જાતની તકલીફ થતી નથી. પરંતુ જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ ખુશ રહેવાનું ભૂલી જાય છે. ખુશ રહેવું એ મનોવૈજ્ઞાનિક છતાં કાયમ સોગિયું મોઢું લઈને જ ફરતા હોય છે. ભૌતિક સુખ મેળવવાની ઘેલછામાં માણસ એવો ઊલઝી જાય છે કે સતત ડિપ્રેશનમાં રહીને સુખ શાંતિ ખોઈ બેસે છે અને શારીરિક અને માનસિક બીમારીનો ભોગ બને છે. સતત પોઝિટીવ થિન્કિંગ અને સતત પ્રવૃત્તિશીલ રહીને વધારે આનંદપૂર્વક જીવી શકાય છે.

જ્યારે દિવસની શરૂઆત થાય એટલે એમ લાગે કે જીવનમાં પૈસા જરૂરી છે પણ જ્યારે દિવસ આથમે ત્યારે દિવસના અસ્તાચળમાં ભાન થાય કે જિંદગીમાં પૈસા કરતાં શાંતિની વધારે જરૂર છે. સંબંધ જે સાચવી શકે છે તેને પૈસા સાચવવાની જરૂર પડતી નથી. સારું હૃદય અને સારો સ્વભાવ જિંદગીમાં બંન્ને જરૂરી છે. સારા હૃદયથી સંબંધો બને છે અને સારા સ્વભાવથી સંબંધો ટકાઉ બને છે. પરિસ્થિતિ ખરાબ હોય છે ત્યારે પ્રભાવ અને પૈસા કરતાં સ્વભાવ અને સંબંધ વધારે કામ આવે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનની એક અગત્યની સભા મળી




શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનની એક સભા શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સમાજ માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા ભવન વડોદરા મધ્યે શ્રી પ્રવીણભાઈ એચ. લોડાયાનાં અધ્યક્ષપદે મળી હતી.

પ્રારંભે નવકારમંત્ર શ્રવણ બાદ સેક્રેટરી જનરલ શ્રી નિશિથભાઇ દંડે સ્વાગત પ્રવચન કરી સૌને મીઠડો આવકાર આપી. મીટીંગની વ્યવસ્થા બદલ કે.ડી.ઓ. જૈન મહાજન શ્રી વડોદરાનો આભાર માન્યો હતો. દેશભરમાંથી ઉપસ્થિત રહેલ સંસ્થાનાં પદાધિકારીઓએ ચર્ચામાં ભાગ લઈ સૂચનો રજુ કર્યા હતા.

પ્રારંભે ટ્રસ્ટી હંસકુમારભાઈ બી. ખીમજીનાં અવસાન બદલ દુ:ખ વ્યક્ત કરી બે મિનિટ મૌન પાળી તેઓને અંજલિ અર્પણ કરવામાં આવેલ. ગત સભાની મિનિટનાં વાંચન બાદ હિસાબોની રજુઆતો કરવામાં આવેલ.

વિવિધ સમિતિઓની કાર્યવાહીની માહિતી આપવામાં આવેલ. તેમજ મહત્વના જ્ઞાતિ લક્ષી કાર્યોની ચર્ચા કરવામાં આવેલ. આ સભામાં ક.દ.ઓ. જ્ઞાતિ દ્વારા થઈ ગયેલ કાર્યોની તેમજ વિશિષ્ટ સિદ્ધિઓની ઝલક કાયમી ધોરણે એક મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવી જેથી ભવિષ્યમાં એની નોંધ અંકિત રહે અને સૌને પ્રેરણા આપતી રહે. કીર્તીભાઈ ધરમશી, ચંદ્રેશ છેડા, મુલચંદ મોતા તથા ચીમનભાઈ મોતા અને અન્ય સભ્યોએ સુંદર સૂચનો કર્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી પ્રવીણભાઈ એચ. લોડાયાએ અગત્યનાં સૂચનો સાથે થયેલા કાર્યોની અનુમોદના કરી હતી.



ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

## Festival Celebration Bonanza 2023

19th September - 19th November 2023

**"ZERO PROCESSING"** Charges On Retail Loans Sanctioned & Disburse During Specified Period

| Loan | Rate |
| --- | --- |
| HOME LOAN | *7.99% (p.a.) |
| 2 WHEELER LOAN | *7.99% (p.a.) |
| CAR LOAN | *7.99% (p.a.) |
| eAUTO LOAN | *7.99% (p.a.) |
| GOLD LOAN | *7.99% (p.a.) |
| MORTGAGE LOAN | *7.99% (p.a.) |
| TRADE LOAN | *8.49% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN | *9.49% (p.a.) |
| LOAN AGAINST PROPERTY | *9.49% (p.a.) |
| LOAN AGAINST INSURANCE POLICY | *7.75% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
| --- | --- |
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# રાપર ગઢવારી નગરે નૂતન શિખરબંધ જિનાલયના બારસાખ તથા પદમશિલાની સ્થાપના કરાઈ







અબડાસા પંથકના રાપરગઢવારી નગરે ગોડીયા શ્રી પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં નૂતન શિખરબંધ જિનાલયની બારસાખ અને પદમશિલાની અષ્ટકારી પૂજા કરી સ્થાપના વિધિ માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર દ્વારા વિધિકાર પ્રવીણભાઈ ગાંગજી સાવલા નાની તુંબડીવાલાના સથવારે ધર્મભાવ સાથે સંપન્ન થઈ.





# એકમ ભવન ભુજ મધ્યે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન દ્વારા તપસ્વીઓ તથા દાતા પરિવારોનું બહુમાન કરાયું





શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા સમાજનાં તપસ્વી ભાઇ-બહેનોનાં બહુમાનનો કાર્યક્રમ એકમ-ભવન ભુજ મધ્યે યોજાયો હતો. પ્રારંભે શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ. જેમાં પ્રબોધ મુનવર, દિલીપ મોતા, કલ્યાણજીભાઇ ડાઘા, ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, માલતી ડાઘા, હર્ષા મુનવર, અમીતા જૈને સ્તવનોની રમઝટ જમાવેલ. બાળ તબલચી કનિષ્ક શાહ, અનીલ શાહ, હેમંત મોમાયાએ સંગીતમાં સાથ આપેલ. ભાવના બાદ સમૂહક્ષમાપના યોજાઇ હતી. સર્વે જ્ઞાતિજનોએ મિચ્છામિ દુક્કડમ્ કરેલ.





પર્યુષણ મહાપર્વ દરમ્યાન દિપાલી સાયલા-૧૬, પૂજા ડાઘા-૧૧, સંજય મૈશેરી-૧૧ તથા અઠ્ઠાઇ અને અન્ય તપસ્વીઓનું સમાજ દ્વારા બહુમાન કરવામાં આવેલ અને અનુમોદના કરવામાં આવેલ.

કાર્યક્રમનાં મુખ્ય દાતા અને સંધ્યા ભોજનનાં દાતા શ્રી હીરાબેન ડુંગરશીં વિશનજી મોમાયા હસ્તે પ્રીતિબેન મોમાયા, તપસ્વી બહુમાનનાં દાતાશ્રી શ્રીમતી ખમાવંતીબેન મહેન્દ્ર લોડાયા, મહાકાળી માતાજીની ભાવનાનાં દાતા શ્રીમતી જયાબેન પ્રબોધ મુનવરનું સમાજ દ્વારા સન્માન કરી તેઓની અંતરની ભાવનાઓને બિરદાવવામાં આવેલ.

અનિલાબેન વિકમશી, જયોતિબેન વિકમશી, દમયંતિબેન મોતા, લીલાવંતીબેન છેડા, કાંતાબેન મુનવર, લીનાબેન સાંયા, જયુબેન શાહ, દિપ્તીબેન મોતા, ડિમ્પલ ધરમશી, મનીષા હેફા, સંગીતા નાગડા, હેતલ મોમાયા, જયાબેન દંડનાં વરદ્ હસ્તે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. મહેશભાઇ લોડાયા, તારાચંદભાઇ લોડાયા, ઝવેરચંદભાઇ બોરીચા, લક્ષ્મીચંદભાઇ પોલડીયા, હરીશભાઇ લોડાયા, અનિલ ડાઘા, ઝવેરચંદ ખોના, કાંતિલાલ પોલડીયા સહિત સમાજનાં આગેવાનો તથા ભાઇ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે જયારે આભારવિધિ હીરાચંદભાઇ છેડાએ કરેલ. વ્યવસ્થા અભય ધરમશીં, તુષાર જૈન, નીલેશ મોમાયા, ખુશાલ લોડાયા, પંકજ નાગડા, દિપેશ શાહ, યશ વિકમશી, નિરવ મોતા તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.





# શ્રી કેડીઓ મહાજન અમદાવાદના આંગણે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશી પધાર્યા



તા.૨૦ સપ્ટેમ્બર બુધવારના રોજ શ્રી ક.દ.ઓ.જૈન મહાજન અમદાવાદમાં બેંગ્લોરથી સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશી પધાર્યા. શ્રી કેડીઓ મહાજનના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો દ્વારા તેમનું ભાવભર્યું સ્વાગત કરાયું, હેતપૂર્વક આવકાર અપાયો. તેમની સાથે અમદાવાદ મહાજનના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ કારોબારી સભ્યો તેમજ આમંત્રિત મહેમાનો મળી શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સંચાલિત શેઠ રાયચંદ ધરમશી ભવનના નિર્માણ બાબતે મિટીંગનું આયોજન પાલડી મુકામે કરવામાં આવેલ.

શ્રી ભવન નિર્માણ બાબતે ચર્ચા વિચારણા બાદ શ્રી કીર્તિભાઈ ધરમશી દ્વારા શ્રી ભવન નિર્માણ માટે સંપૂર્ણ સાથ સહકાર માટે વચન આપવા આવેલ. આ ઉપરાંત મિટીંગમાં જ્ઞાતિ અને જ્ઞાતિજનોને ઉપયોગી બીજી ઘણી બાબતો અંગે વિશદ ચર્ચા કરવામાં આવેલ. શ્રી કેડીઓ મહાજન અમદાવાદના પ્રમુખ જીતેન્દ્રભાઈ ખોનાએ વિશિષ્ટ મહેમાન કીર્તિભાઈ ધરમશીનું બહુમાન કરેલ. તેમજ તેઓશ્રી દ્વારા મળેલ સાથ સહકાર માટે આભાર વ્યક્ત કરેલ અમદાવાદ મહાજનના આમંત્રણને માન આપી મિટીંગમાં પધારેલ કે.ડી.શાહ, જીજ્ઞેશભાઈ મૈશેરી, દિલીપભાઈ દંડ તેમજ લક્ષ્મીચંદભાઈ મૈશેરીનો અમદાવાદ મહાજન આભાર વ્યક્ત કરેલ.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગ દ્વારા પર્યુષણ પર્વની રૂડી રીતે ઉજવણી કરાઈ

કર્ણાટક રાજ્યના ગદગ નગરના શ્રી ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા પર્યુષણ મહાપર્વની ઉજવણી રૂડી રીતે કરાઈ. આરાધના કરાવવા શ્રી અચલગચ્છ જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બે બહેનો શ્રીમતી પુષ્પાબેન ખીમજી હરીયા તથા શ્રીમતી લીનાબેન સુનીલ ગાલા મુંબઈથી અત્રે પર્વની આરાધના કરવા પધારેલ. તપોનિધિ પ.પૂ.સાધ્વી શ્રી અરિહંત પ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયપ્રજ્ઞાશ્રીજી મ.સા. નવ દિવસ આરાધનામાં સાથ આપેલ. ભક્તિ ભાવના કરાવતા એમ.વી.મ્યુઝિક બેન્ડના સાથી કલાકારોએ ભક્તિ ભાવનાની રમઝટ જમાવેલ.

કલ્પસૂત્ર પધરાવવાનો ચઢાવો ૫૫૮ મણમાં કેવલ હર્ષદ પાસડે લીધેલ તથા પ્રભુજીના પારણા પધરાવવાનો ચઢાવો ૧૧૧૧૧ મણમાં ગાલા પરિવારે લીધેલ. સ્વપ્નાનું કુલ મણ ૨૪૦૦૦૦ થયેલ. મુંબઈના શ્રીમતી જ્યોતિબેન જીતેન્દ્ર ધરમશી તરફથી તા.૨ સપ્ટેમ્બર તથા તા.૩ સપ્ટેમ્બરના વર્ધમાન સક્રસ્તવ અભિષેક ધર્મભાવ સાથે કરાવવામાં આવેલ.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Address: B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘનું ગચ્છોત્કર્ષ મિલન વડોદરા મધ્યે યોજાયું



શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘનું ગચ્છોત્કર્ષ મિલન વડોદરા શહેર મધ્યે રાજસ્થાન-દક્ષિણ દીપક, સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા આદિઠાણાની શુભપાવન નિશ્રામાં યોજાયું હતું. શ્રુતોપાસના ચાતુર્માસોત્સવ તથા આ ગચ્છોત્કર્ષ મિલનના સંપૂર્ણ કાર્યક્રમનાં દાતાનો લાભ મણીવલ્લભ પરિવાર, માતુશ્રી મણીબેન વલ્લભજી નરશીં નાગડા પરિવાર વીઢ-કચ્છ હાલે વડોદરા પરિવારે લીધેલ. બે દિવસીય કાર્યક્રમનાં પ્રારંભે દીપપ્રાગટ્ય-નવકારમંત્ર બાદ અચલગચ્છાધિપતિશ્રી એ માંગલિક શ્રવણ કરાવેલ. ભારતભરનાં અચલગચ્છ જૈન સંઘો કચ્છી વિશા ઓશવાળ, કચ્છી દશા ઓશવાળ, કચ્છી ગુર્જર જૈન સમાજ તથા રાજસ્થાન મારવાડી સમાજનાં શ્રી સંઘોની વિશાળ ઉપસ્થિતિમાં આ ગચ્છોત્કર્ષ મિલન યોજાયું હતું.

અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના પ્રમુખ શ્રી ભાવેશભાઇ વોરાએ સ્વાગત પ્રવચન કરી સૌને મીઠડો આવકાર આપ્યો હતો. ચીમનભાઇ મોતા, હેમચંદભાઇ ગાલા, પ્રકાશભાઇ સિંઘવી, જયંતભાઇ સંઘવી, વિપિનભાઇ ગંગર, કીર્તિભાઇ હરીયા તથા ઉપસ્થિત પદાધિકારીઓનાં વરદ્ હસ્તે મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત સાથે બહુમાન કરવામાં આવેલ. ગચ્છોત્કર્ષ મિલનનાં મુખ્ય દાતા પરિવારનાં શ્રી રાજેશભાઇ નાગડાનું આ પ્રસંગે બહુમાન કરી તેઓશ્રીની અવિરત સેવાઓને બિરદાવવામાં આવેલ. ભાવેશભાઇ વોરા, રતનલાલ વડેરા, રામજીભાઇ ધરોડ, ચંદ્રેશ છેડા, ભરતભાઇ બી. શાહ, પી.સી. શાહ, કીર્તિભાઇ ધરમશી, જીગર છેડા, પ્રબોધ મુનવર, તથા ચારે સમાજનાં અન્ય આગેવાનોએ મંચને શોભાવેલ. બે દિવસીય કાર્યક્રમમાં પૂજ્યશ્રીએ પોતાની વ્યથા મુશ્કેલીઓની રજુઆતો તથા ગચ્છઉત્કર્ષ માટે કરવાનાં કાર્યો તથા અચલગચ્છ જૈન સંઘની એકતા સંપ-સંગઠન અને ભાઇચારાની ભાવનાઓ સંઘમાં વધે તેવા કાર્યો કરવા, તેમજ ગચ્છાધિપતિશ્રીની આજ્ઞામાં રહી ગચ્છની આન-બાન-શાન વધારવા ઉપર ભાર મૂક્યો હતો.

ભારતભરમાંથી અચલગચ્છ જૈન સંઘો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી મિલનને ચાર ચાંદ લગાવ્યા હતા. બે દિવસ કાર્યક્રમ દરમિયાન ખૂબ જ જરૂરી બાબતો ઉપર વિશેષ ચર્ચાએ કરવામાં આવેલ. મિલન પ્રસંગે પધારેલા સર્વે શ્રીસંઘોનું દાતાશ્રી ''મણીવલ્લભ,, પરિવાર દ્વારા બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન જતીનભાઇ છેડા અને પ્રવીણભાઇ લોડાયાએ કરેલ. અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘના પદાધિકારીઓ પૂજ્ય સાધુ-સાધ્વી વૈયાવચ્ચ સમિતિના સભ્યો તથા શ્રી સંઘોની ઉપસ્થિતિ રહી હતી.





# કેનેડા 'અહમ્' છોડે, વાટાઘાટથી ઉકેલ આવશે : બે દેશોના તનાવ વચ્ચે કેનેડા સ્થિત કચ્છી અગ્રણી ઉદ્યોગપતિનું બેબાક નિવેદન




ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાનીઓની ધમકી, હિન્દુ ફોરમના કેનેડા અને ભારત સરકાર કરવામાં આવેલી માર્ગદર્શિકાઓની ઘટનાઓથી ઊભા થયેલા તનાવ વચ્ચે મૂળ કચ્છી અને કેનેડા સ્થિત બિઝનેસમેન હેમંત શાહે કે વર્તમાન સ્થિતિને બહુ દુ:ખદ અને આઘાતજનક ગણાવીને ખાસ કરીને કેનેડા સ્થિત ભારતીયોને ભયભીત ન થવાની સલાહ આપીને થોડા દિવસોમાં આ સ્થિતિ થાળે પડી જશે તેવી આશા વ્યક્ત કરી હતી.

મૂળ અબડાસા તાલુકાના વરાડિયા ગામના વતની પરંતુ મુંબઇ સ્થાયી થયા બાદ પાંચ દાયકાથી કેનેડામાં વસતા ઉદ્યોગપતિ શ્રી શાહે વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમણે એવી સ્થિતિ ક્યારેય જોઇ નથી કે ભારતે એડવાઇઝરી જારી કરવી પડે. આ દુ:ખદ છે, પણ અહીં બહુ જોખમ નથી માત્ર સતર્ક રહેજો. વિદ્યાર્થીઓ અને ભારતવાસી લોકો સોશિયલ મીડિયાની ધમકીઓ-અફવાઓથી દૂર રહે, કેનેડા એવો દેશ છે, જેમાં વિવિધ સંસ્કૃતિ અને અનેકવિધ દેશોના લોકો છે. બહુ જૂજ લોકો ધ્યાન ભટકાવવા માગે છે. પણ ભારતે નીડરપણે મજબૂત જવાબ આપ્યો છે.

કેનેડામાં પાંચ દાયકાનો વસવાટ અને ભારત-કેનેડા વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારના પાયાના પથ્થર ગણાતા મૂળ વરાડીયાના હેમંત મૂળજી શાહ લોડાયા, ગુંદરવાળાએ કેનેડાના વડાપ્રધાન ટ્રુડોનાં નિવેદનને ભારતીય ડાયાસ્પોરા માટે દુ:ખદ ગણાવીને કહ્યું કે, તે બિલકુલ પાયાવિહોણું છે.

વિદ્યાર્થીઓ માત્ર ભણવા તરફ ધ્યાન આપે. છાત્રોએ ટોરોન્ટો તરફ આંધળી દોટ માંડી છે, ત્યાં રહેવાની મુશ્કેલીઓ છે, પરંતુ તે ઉકેલાઇ જશે, ભારત અને કેનેડાનાં એકબીજા દેશોમાં ઘણાં વ્યાપારિક હિતો સંકળાયેલાં છે. કેનેડાએ તેનો અહમ મૂકવો પડશે, પણ ઉકેલ વાટાઘાટથી આવી જશે.

## કેનેડા સ્થિત કેડીઓ બિઝનેસમેન હેમંત શાહ-લોડાયા જી-૨૦ની સફળતાથી ભાવુક

ન્યૂ દિલ્હીમાં ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી સમીટમાં વિશ્વના દિગ્ગજ નેતાઓ સામેલ થયા. હતા. એટલું જ નહીં તેઓ ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હતા, ત્યારે ભારતમાં રહેતા લોકો અને વિદેશમાં વસતા ભારતીયોએ પણ ગર્વની લાગણી અનુભવી હતી. મૂળ વરાડીયા કચ્છના હાલે કેનેડાના શહેર વિનીપેગમાં રહેતા અને મિસ્ટર ઇન્ડો-કેનેડિયન બિઝનેસમેન તરીકે જાણીતા કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના હેમતભાઇ મૂળજી શાહ લોડાયાએ (ગુંદરવાળા) એક વીડિયો શેર કરી તેમનો આનંદ વ્યક્ત કર્યો છે.

શ્રી શાહે કહ્યું કે, જી-૨૦ની સફળતા પછી આનંદ વ્યક્ત કરવા માટે શબ્દો નથી. ભારતીય તરીકે ગર્વ થાય છે. બીજું, ગૌરવ ત્યારે થયું જ્યારે રાજઘાટ પર બાપુને દુનિયાના બધા સાથે મળીને શ્રધ્ધાંજલિ આપી રહ્યા છે.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઇઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગુણવંતીબેન દંડ**
તા.૧૮ સપ્ટેમ્બર (ઉ.૭૦)
સાંધવ-ભોપાલ




**ગિરીશભાઈ લોડાયા**
તા.૧૯ સપ્ટેમ્બર (ઉ.૭૪)
રવા-સેલુ



**કાંતાબેન મોમાયા**
તા.૧૯ સપ્ટેમ્બર (ઉ.૭૦)
બારોઈ-રાયચુર



**મણિકાંતભાઈ મોતા**
તા.૨૦ સપ્ટેમ્બર (ઉ.૮૧)
નલિયા-કોચીન



**તારાચંદભાઈ લોડાયા**
તા.૨૨ સપ્ટેમ્બર (ઉ.૮૦)
તેરા-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.




● કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રમાં મહિલાઓ અને બાળકોના ઉત્થાન માટેની વિવિધ યોજનાઓ માટે દેશભરમાંથી પસંદ કરાયેલા ૧૮ ઈન્ટર્ન પૈકી ગુજરાતમાંથી આદિપુરની મુસ્કાન મુકેશ લખવાણીની પસંદગી થઈ છે. બે મહિનાની તાલીમ દરમ્યાન ૪૦થી વધુ આઈ.એ.એસ.અધિકારીઓની સાથે કામ કરવાની તક મળી હતી. મહિલાઓ અને બાળકોના જીવનમાં સકારાત્મક અસર કરવાની ક્ષમતા ધરાવતી સરકારની ભાવિ નીતિ સંગે કામ કરવાની તક તેણીને મળી હતી.

● ભારતના પશ્ચિમી છેડે સરહદને અડીને આવેલા કચ્છ જિલ્લાની છાપ પછાત પ્રદેશ તરીકેની રહી છે. પરંતુ માર્ચ ૨૩ના અંતે બેન્ક ડિપોઝીટ પર નજર નાંખીએ તો જમા ધન રાશિનો આંક રૂા.૫૦ હજાર કરોડ એટલે કે ૫૦૦ અજબને પાર કરી ગયો છે. કચ્છની વસ્તી હવે ૨૫ લાખને નજીક પહોંચી છે. અને બેન્ક ખાતાઓમાં મૂડીમાં સતત વધારો સુખદ છે. ગત વર્ષની તુલનામાં એક વર્ષમાં ૧૬૦૦ કરોડનો જંગી વધારો બેન્ક ખાતાઓમાં થયો છે. જિલ્લામાં ૪૦૦ બેન્કની શાખાઓ આવેલી છે. જેમાં ૨૯ લાખ ખાતાદારો છે.

● ૩૩ વર્ષ પહેલાં ભુજ નલિયા વચ્ચે મીટરગેજ રેલગાડી દોડી ત્યારે વાતો થતી કે ટૂંક સમયમાં મુંબઈની ટ્રેન નલિયા આવશે. પરંતુ સાડા ત્રણ દાયકાના વહાણા વિત્યા ભુજથી નલિયા વચ્ચેના બ્રોડગેજ વિસ્તરણના નિર્ણય બાદ હજુ અબડાસાવાસી છુકછુક ગાડીની રાહ જોઈ બેઠા છે. દેશલપરથી નલિયા સુધી ગેજ પરિવર્તનનું કામકાજ ધમધોકાર રીતે ચાલુ છે. સંસદ સભ્ય તરફથી સંકેત આવ્યો છે કે આગામી ૨૦૨૪ની આખર પહેલાં બ્રોડગેજ નલિયા પહોંચી જશે.

● કચ્છ ગ્રામઉદ્યોગ સંઘની સામાન્ય સભામાં સંસ્થાના ત્રણ જુદા જુદા વિભાગો અને પાંચ કેન્દ્રોમાં બે કરોડનું વેંચાણ થયું છે. જેની સામે ૪૦ હજારની ચોખ્ખી બચત થઈ હોવાની માહિતી અપાઈ હતી. સંસ્થાની કામગીરી બાબતે સંચાલકો દ્વારા સંતોષ વ્યક્ત કરાયો હતો.

● અખંડ રાષ્ટ્રની ભાવના અને યુવાનો વીર યોધ્ધાઓને યાદ કરી તેમને જીવનમાં આદર્શ બનાવી તેમણે ચીંધેલા રાહ પર ચાલે તેવા ઉદ્દેશ સાથે રાષ્ટ્રીય રાજપૂત કચ્છીઓના અને મહારાણા પ્રતાપ વિકાસ સમિતિએ સમગ્ર ભારતમાં વીર મહારાણા પ્રતાપની અલગ અલગ ૫૦૦ જાહેર સ્થળોએ પૂર્ણ કદની વિશાળ કાંસ્ય પ્રતિમા સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત વીરોની ભૂમિ અને ભવ્ય ઇતિહાસ ધરાવતી કચ્છની ધરતી પર દસેય તાલુકામાં વીર મહારાણા પ્રતાપની વિશાળ કદની પ્રતિમા સ્થાપિત કરવાની જાહેરાત કરાઈ હતી.

● પાંચ હજાર વર્ષ પૂર્વેના હડપ્પન સંસ્કૃતિના અવશેષ સાચવીને બેઠેલા ધોળાવીરાને બે વર્ષ પૂર્વે યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટ એટલે કે વિશ્વ ધરોહરનો દરજજો અપાયો હતો. તે સાથે ધોળા વીરા સહિત ખડીર વિસ્તારનો વિકાસ સોળે કળાએ ખીલશે તેવો સબળ આશાવાદ વ્યક્ત કરાયો હતો. કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગના સ્વદેશ દર્શન ૨ યોજનામાં દેશના ૫૧ સ્થળમાં ધોળાવીરાનો પણ સમાવેશ થતાં હવે ખરા અર્થમાં વિશ્વ વિરાસતનો વિકાસ વેગ પકડશે તે દિશામાં નક્કર ડગ મંડાયા છે.

● પૂર્વ કચ્છ આરટીઓના અલાયદા કોડ જીજે ૩૯ના વાહનોની ચાર શ્રેણીના નંબરો માટે હરાજી પ્રક્રિયા હાથ ધરાઈ. પસંદગીના નંબર મેળવવાની હોડમાં વાહન માલિકોએ એલએમવી (કાર)ની શ્રેણીમાં 0001 નંબર મેળવવા માટે રૂા.૯.૯૯ લાખની અત્યાર સુધીની સંભવત સર્વોચ્ચ બોલી લગાવી હતી. જ્યારે દ્વિચક્રીય વાહનની શ્રેણીમાં ૩૭ હજારની બોલી થઈ હતી. પસંદગીના નંબર મેળવવા માટે ૧૭૦ જણની અરજી આવી હતી. આ પ્રક્રિયામાં આર.ટી.ઓ.તંત્રની તિજોરીમાં રૂા.૩૦.૯૭ લાખની આવક થઈ હતી.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ
## C.S.R.
CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસઅપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસઍપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA